કોરોનાના કેસો વધતા સિડનીમાં આઠ અઠવાડીયાનું લોકડાઉન

સિડની,

ઓસ્ટ્રેલિયામાં તેજીથી વધી રહેલ કોવિડ ૧૯ના મામલાને જોતા દેશના સૌથી મોટા શહેર સિડનીમાં એક બાજુ જયાં મહીના માટે લોકડાઉન લગાવવામાં આવ્યું છે. ત્યાં કોરોના વાયરસના ડેલ્ટા વેરિએટના કહેરે ગત મહીને ઓસ્ટ્રેલિયામાં કોહરામ મચી ગયું છે તાળાબંધી છતાં ઓસ્ટ્રેલિયામાં કોરોના વાયરસના મામલામાં સતત વધારો થઈ રહ્યો છે સિડનીમાં લોકડાઉનને ૪ અઠવાડીયા વધુ વધારતા અધિકારીઓએ પોલીસને કડકાઈ દાખવવાનો નિર્દેશ આપ્યો છે.

સિડનીમાં ન્યુ સાઉથ વેલ્સ રાજય સરકારે જાહેરાત કરી છે કે સિડની શહેપમાં લોકડાઉન ઓછામાં ઓછું ૨૮ ઓગષ્ટ સુધી લાગેલ રહેશે આ નિર્ણય કોરોનાના કેસોમાં વધારો થતા લેવામાં આવ્યો છે.સિડનીમાં ૨૪ કલાકમાં ૧૭૭ નવા સંક્રમણોના રિપોર્ટ આવ્યા છે. કહેવાય છે કે કોવિડ ૧૯ના મામલામાં વધારો ત્યારે શરૂ થયો જયારે એક લોસિન ચાલકે ૧૬ જુને ડેલ્ટા સંસ્કરણ માટે સકારાત્મક પરીક્ષણ કરાવ્યું ડ્રાઈવરને સિડની વિમાની મથકેથી લાવવામાં આવ્યા અમેરિકી એયરફ્રુ દ્વારા સંક્રમિત કરવામાં આવ્યા

સાઉથ વેલ્સના પ્રીમિયર ગ્લેડિસ બેરેજિકેલિયને જણાવ્યું હતું કે હું તમારા બધાની જેમ પરેશાન અને નિરાશ છું કે આપણે આ સમયે પસંદ કરવામાં આવેલ કેસ નંબર મળી શકયા નહીં પરંતુ આ વાસ્તવિકતા છે.તેમણે કહ્યું કે એક શોક સમારોહમાં ૫૦ લોકોએ લોકડાઉન નિયમોનો ભંગ કરતા ભાગ લીધો હતો.

જેને પરિણામે ૪૫ સંક્રમણ થયું હતું તેમણે કહ્યું કે હવે આ રીતની બેદરકારી સહન કરી શકાશે નહીં સંક્રમણ તેજીથી ફેલાઈ રહ્યું છે તેને રોકવા માટે બધાએ કડક રીતે લોકડાઉનનું પાલન કરવાનું રહેશે તેમણે કહ્યું કે પોલીસ વ્યાપક સામાજિક અંતર કરવાના નિયમોના પ્રવર્તનને વધારશે અને લોકોને શંકાસ્પદ કામોનો રિપોર્ટ કરવાની વિનંતી કરતા કહ્યું કે અમે ખોચા કામ કરનારા લોકોની સાથે રહી શકીએ નહીં કારણ કે અમે બધાને પાછા સ્થાપિત કરી રહ્યાં છીએ.

અમદાવાદ સિવિલ તબીબોએ રાજસ્થાનના દર્દીની પીડા દૂર કરી

ગરદનના ભાગના પ્રથમ બે મણકા (C-1:C-2) ખસી ગયા : સિવિલ તબીબોએ જટીલ સર્જરીથી પુર્વવત કર્યા

(માહિતી) અમદાવાદ,

૧૬ વર્ષની યુવાનવયમાં બાળપણમાં ભરેલી પાપાપગલીનો અનુભવ થયો –ભરત બાળપણમાં પોતાના બાળક ભરતને પાપાપગલી ભરતા જોઈ જે અનુભૂતિ થઈ તેવી જ અનુભૂતિ જ્યારે સિવિલ હોસ્પિટલના તબીબોએ ભરતને પીડામૂક્ત કરીને પૂર્વવત કર્યો અને ભરત ફરીથી હલન-ચલન કરવા લાગ્યો ત્યારે તેમના પરિવારજનોને થઈ.!!!

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્પાઈન સર્જનોએ ફરી એક વખત તબીબી કૌશલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.૧૬ વર્ષીય ભરતને લાંબા સમયની ગરદનની પીડાથી મૂક્ત કર્યા છે.

સમગ્ર વાત એવી છે કે, રાજસ્થાનના પાલી જીલ્લામાં રહેતા ભરતને ગળાના ભાગમાં ગંભીર ઈજા થતા તેને હલન-ચલનમાં તકલીફ થવા લાગી. લાંબા સમયથી હેરાનગતિ ભોગવતા ભરતના પરિવારજનોએ જોધપુરની ખાનગી હોસ્પિટલ,સરકારી હોસ્પિટલમાં નિદાન અર્થે સંપર્ક સાધ્યો. પરંતુ દરેક જગ્યાએ નિશાશા જ સાંપડી. વિવિધ હોસ્પિટલમાં નિદાન કરાવવા છતા પણ તેની પીડામાં ક્યાંય સુધાર જોવા મળ્યો નહીં. વળી રાજસ્થાનમાં સુપ્રતિષ્ઠિત મણકાના તબીબને છેલ્લે બતાવ્યું ત્યારે તેઓએ ૮ થી ૧૦ લાખની ગળાના મણકાની સર્જરીનું સૂચન કર્યું.પરંતુ તેમાં પણ સંપૂર્ણપણે સાજા થઈ જવાની કોઈપણ પ્રકારની ગેરંટી તો નહીં જ.....

ભરતભાઈ જેવા ગરીબ પરિવાર માટે ૮ થી ૧૦ લાખના ખર્ચે સર્જરી કરાવવુંઅશકય બની રહ્યું હતુ. જેથી તેઓને જીવન અને દર્દભર્યા જીવન વચ્ચે પીડા ભોગવવાનું જ પસંદ કરીને જીવન ગાળવાનું શરૂ કર્યું. પરંતુ દિવસે ને દિવસે ભરતની પીડામાં વધારો થતો ગયો. છેલ્લે તેમના એક મિત્રએ ગુજરાત સરકારની સરકારી હોસ્પિટલ અને તેમાં પણ ખાસ કરીને એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલના સ્પાઈન સર્જરી વિભાગમાં આવી સર્જરી વિનામૂલ્યે શક્ય હોવાનું જણાવ્યું.

ભરતના પરિવારજનો વિનાવિલંબે ભરતને લઈને અમદાવાદ સિવિલ હોસ્પિટલ આવી પહોચ્યા. અહીં તેઓએ સ્પાઈન સર્જરી વિભાગના તબીબોનો સંપર્ક કર્યો. જ્યાં તબીબોએ રોગની ગંભીરતા પારખીને એક્સ-રે, સી.ટી.સ્કેન અને એમ.આર.આઈ.જેવા રીપોર્ટસ કરાવ્યા. આ રીપોર્ટસના આધારે સિનિયર તબીબ સહિત તમામે ભરતના રોગની ગંભીરતા અને જટીલતાનું અનુમાન લગાવ્યું.

આ રીપોર્ટસના આધારે ભરતના ગરદનનો પહેલો અને બીજા મણકો ખસી ગયેલ હોવાનું જણાઈ આવ્યું. જેને તબીબી ભાષામાં "એટલાન્ટો એક્સીઅલ ડીસલોકેશન" કહેવામાં આવે છે. આ પ્રકારની ઈજાની સર્જરી ખરેખર ખૂબ જ જટીલ હોય છે. કારણ કે આવા પ્રકારની સર્જરી દરમિયાન કરોડરજ્જૂના ભાગમાં પણ ઈજા થવાની સંભાવના રહેલી હોય છે.

આવા પ્રકારની સર્જરીમાં નિપુણ તબીબોના સંયુક્ત પ્રયાસે જ સર્જરી સફળ બને છે. જે માટે સિવિલ હોસ્પિટલના સ્પાઈન સર્જરી વિભાગના વડા ડૉ. જે.વી. મોદી અને તેમની ટીમે સ્પાઈન ફેલો ડૉ. સાગર, ડૉ. હર્ષિલ અને એનેસ્થેસિયા વિભાગ સહયોગથી આ સમગ્ર સર્જરી નિપૂણતાપૂર્વક પાર પાડી. સમગ્ર સર્જરી ૨ કલાક ચાલી હતી.આ સર્જરી દરમિયાન જાણવા મળ્યું કે,ગરદાનના મણકો મગજના ભાગ સુધી પહોંચ્યો હતો. જેના કારણે સર્જરી અતિગંભીર બની રહી હતી. આ સ્તરે સર્જરી દરમિયાન જીવનનું જોખમ પણ વધી ગયુ હતુ. જેથી ન્યુરોમોનીટરીંગ સાથે સમગ્ર સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી.

હાલ ભરતભાઈ સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમના ગરદનના મણકા પૂર્વવત થયા છે. તેઓ પહેલાની જેમ જ સરળતાથી હલન-ચલન કરવા સક્ષમ થયા છે.

સિવિલ હોસ્પિટલ સ્પાઈન વિભાગના વડા અને સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદીએ કહ્યું કે, સિવિલ હોસ્પિટલના સ્પાઈન સર્જરીથી લઈ અન્ય વિભાગોમાં રાજ્ય બહારથી પણ દર્દીઓ સારવાર અર્થે આવે છે. અમારા તબીબો દ્વારા તમામ દર્દીઓને સંપૂર્ણપણે સંતોષકારક સારવારનો અનુભવ થાય શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ જ આજે રાજ્ય બહારથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

ભરતના પરિવારજનોએ સર્જરી બાદ ભરતને સાજા થતા જોઈ હર્ષની લાગણી અનુભવી હતી. તેઓએ હર્ષભેર અને અશ્રુભરી લાગણીઓથી ગુજરાત રાજ્ય સરકાર અને સિવિલ હોસ્પિટલના તબીબોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેઓએ ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ થયેલ સ્વાસ્થ્ય સારવાર અને સહકાર બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો પણ આભાર વ્યક્ત કરી સંતોષભાવ પ્રગટ કર્યો હતો.

ગુજરાત કેડરના અધિકારી રાકેશ અસ્થાના દિલ્હી પોલીસના નવા કમિશનર બન્યા

નવીદિલ્હી,

દિલ્હી પોલીસને નવા કમિશનર મળી ગયા છે. ૧૯૮૪ બેંચના ભારતીય પોલીસ સેવાના અધિકારી રાકેશ અસ્થાના દિલ્હી પોલીસના નવા કમિશનર તરીકે નિમણૂક પામ્યા છે. રાકેશ અસ્થાના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી છે. ગૃહમંત્રાલયે રાકેશ અસ્થાનાની દિલ્હી પોલીસના નવા કમિશનર તરીકે નિમણૂક કરવાનો આદેશ આપ્યો છે. અત્યારે તેઓ બીએસએફના ડીજી ઉપરાંત એનસીબીના વડા છે. અસ્થાનાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમિત શાહના ખૂબ નજીકના માનવામાં આવે છે. રાકેશ અસ્થાનાએ બીએસએફમાં રહી

અનેક મોટાં ઓપરેશનનું નેતૃત્વ કરેલું છે. આ ઉપરાંત દિલ્હી મુંબઈ તથા દેશનાં અનેક રાજયોમાં નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોનું સુકાન સંભાળી અનેક મોટાં ઓપરેશન કર્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સીબીઆઈના ડાયરેક્ટરના નામ પર પણ રાકેશ અસ્થાનાની ચર્ચા હતી. દિલ્હી પોલીસ બહારના કોઈ કેડરના આઈપીએસની પોલીસ કમિશનર તરીકે નિમણૂક એટલા માટે ઘણું મહત્ત્વ ધરાવે છે, કારણ કે એસએસ જોગ અને અજયરાજ શર્મા બાદ અસ્થાના ત્રીજા એવા પોલીસ કમિશનર છે, જે બહારના કેડર છે. સરકારે ૩૦ જૂનના રોજ એસએન શ્રીવાસ્તવ નિવૃત્ત થયા બાદ બાલાજી શ્રીવાસ્તવને દિલ્હી પોલીસ તરીકેની વધારાની જવાબદારી સોંપી હતી. હવે અસ્થાનાની નિમણૂક કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અસ્થાના ગુનાહિત તપાસ માટે જાણીતા છે. તેમણે છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં ઈન્ડિયન મુજાહિદ્દીનનો પર્દાફાશ કરવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવેલી છે.

અફઘાનિસ્તાનમાં કોમેડિયનનું અપહરણ કરી હત્યા

કાબુલ,

અફઘાનિસ્તાન પર કબ્જાને લઈને તાલિબાન ત્યાં સૈનિકોથી માંડીને સામાન્ય લોકોના જીવના દુશ્મન બની ચૂક્યાં છે. ત્યારે હવે તાલિબાન કોમેડિયન કહેર કલાકારો પર પણ જોવા મળી રહ્યો છે. તાલિબાની આતંકીઓએ લોકપ્રિય કોમેડિયન નજર મોહમ્મદ ઉર્ફે ખાશાનું અપહરણ કરીને તેની હત્યા કરી દીધી છે. આતંકીઓએ તેની હત્યા કરતા પહેલાં તેને થપ્પડ મારતો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. જે તેજીથી વાયરલ થઈ રહ્યો છે. મોહમ્મદને તાલિબાન લડવૈયાઓએ તેને ઘરની બહાર ખેંચી લીધો હતો અને ત્યારબાદ તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. તાલિબાન લડવૈયાઓ કંદહાર પ્રાંતમાં સરકાર માટે કામ કરતા લોકોને શોધી કાઢવા અને તેમની હત્યા કરવા માટે ઘરે ઘરે શોધખોળ કરી રહ્યા છે. અફઘાનિસ્તાનના ટોલો ન્યુઝે એક સ્ત્રોતને ટાંકીને જણાવ્યું છે કે નઝર મોહમ્મદને ઘરની બહાર ફેંકી દેતાં તેની હત્યા કરવામાં આવી હતી. ૨૩ જુલાઈએ તેની હત્યા કરવામાં આવી હતી. તેના પરિવારના સભ્યોએ હત્યા માટે તાલિબાનને દોષી ઠેરવ્યા હતા. જો કે, કટ્ટરપંથી ઈસ્લામિક જૂથે આ ઘટનામાં ભાગ લેવાની ના પાડી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર, હાસ્ય કલાકાર અગાઉ કંદહાર પોલીસમાં કામ કરતો હતો. કંદહારનો એક અફઘાન હાસ્ય કલાકાર, જેણે લોકોને હસાવ્યા, જે આનંદ અને ખુશી બોલે છે અને જે નિર્દોષ હતો, તે તાલિબાનના આતંકવાદીઓ દ્વારા નિર્દયતાથી માર્યો ગયો. તેને તેના ઘરેથી લઈ જવામાં આવ્યો હતો. તાજૂડેન સોરોશએ વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, 'આ વીડિયોમાં તમે જોઈ શકો છો કે કંધારી કોમેડિયન ખાશાનું પહેલા તાલિબાનના આતંકવાદીઓએ અપહરણ કર્યું હતું. ત્યાર બાદ આ પછી આતંકીઓએ તેને કારની અંદર અનેક વખત થપ્પડ મારી હતી અને આખરે તેનો જીવ લઈ લીધો.

સર્જનાત્મકતા દ્વારા સકારાત્મકતા અને સતર્કતામાં વધારો કરવા માટે યૌવા સ્ટેશનરીની નવી કેમ્પેઇન 'ગેટ વેલ સૂન ઇન્ડિયા' કેમ્પેઇન

મુંબઇ,

દેશ રોગચાળાની બીજી લહેરમાંથી બહાર આવી રહ્યો છે ત્યારે દરેક માટે પોતાની આસપાસ અગમચેતીઓ લેવાનું અને જે લોકો હજુ પણ યાતના અનુભવી રહ્યા છે તેમનામાં સુધારા માટેની ઇચ્છા/આશા સેવવાનું આવશ્યક બની ગયુ છે. રોગચાળાની અસરો વિશે અને તે આપણી પર કેવી રીતે અસર કરે છે તેના વિશે બાળકોને શિક્ષણ આપવા માટે નવનીત હાઉસની ઘરેલુ સ્ટેશનરી બ્રાન્ડ યૌવાએ સુંદર અને હૃદયને ખળભળાવી મુકે તેવી 'ગેટ વેલ સૂન ઇન્ડિયાલ્ક કેમ્પેઇન લોન્ચ કરી છે જેમાં બાળકો દેશ માટે 'ગેટ વેલ સૂનલ્ક કાર્ડનું સર્જન કરતા જોવા મળ્યા છે. આ કેમ્પેઇન બાળકોમાં સંશોધનાત્મકતાને બહાર લાવે છે અને તેની સાથે જ આરોગ્ય પ્રત્યેની સતર્કતા પેદા કરવાના હેતુથી સકારાત્મક સામાજિક સંદેશો ફેલાવે છે. ખાસ કરીને સર્જનાત્મકતા અને કલ્પના દ્વારા બાળકોના પ્રભાવક્ષમ દિમાગ ત્વરીતતાથી ઝડપી લે છે તે સુવિદિત બાબત છે. આ સામાજિક કેમ્પેઇન દ્વારા યૌવા દરેકને સંદેશો પહોંચે તેની ખાતરી કરવા માગે છે.

આ કેમ્પેઇન નોવેલ કોરોના વાયરસને હરાવવો તે એક સાજ તરીકે આપણી સામૂહિક જવાબદારી છે તેવો શક્તિશાળી સંદેશો આપે છે અને ભારત ટૂંક સમયમાં સાજુ થઈ જાય તેવી પ્રાર્થના કરે છે. તે માસ્ક પહેરવા અને શક્ય હોય એટલી વાર આપણા હાથ ધોવા અને સેનીટાઈઝ કરવાની અગત્યતા પર ભાર મુકે છે.

રૂ.૫/-માં પૂજા પુસ્તિકા,
રૂ.૧=૮૦ માં પ્રભુપૂજા કાર્ડ,
બોરાણામાં વહેચો,
પુણ્યતીથીએ વહેચો,
પૂજા સંસ્કાર યજ્ઞ છે,
સ્વ. ફોટા સાથે મળશે,
પુસ્તિકા પેજ-૩૬
પૂજાકાર્ડ પેજ-૧૦
ભાવ ધંધાર્થી નથી,સગા,સંબંધીને આપો,
સોસાયટીમાં આપવા,
પેપર નાખનારને આપો,
કહો ત્યાં આપશે,
મંદિરોમાં દર્શનાર્થીઓને
આપવા માટે,જે-તે પૂજારીને આપો,
તમારા સમાજમાં વહેચવા,
સમાજની ઓફીસે પહોંચાડો
ઘરેઘર પહોંચશે,
મો.:-૮૧૨૮૨૮૬૧૬૧
૦૭૯૭૯૬૦૧૨૯૭

મહીસાગર જીલ્લાના વિરપુર તાલુકાના આસપુર ગામે દસ ફુટ લાંબો અજગર દેખાતા ગામમાં ચકચાર મચી ગઈ હતી ગામના ભાથીભાઈ ઠાકોરના ઘરના આગળ ભાગે ઝાડની જાળીમાં અજગરે દેખા દેતા આ મહાકાય અજગર જોવા લોક ટોળા ઉમટી પડ્યા હતા જોકે અજગરને જોઈને સ્થાનિક લોકો ભયભીત થઈ ગયા હતા જોકે ગ્રામજનો દ્વારા વન વિભાગ અને ''વાઈડ લાઈફ એન્ડ નેચર કન્ઝર્વેશન ટ્રસ્ટ આસપુર'' ને જાણ કરતાં બંને ટીમો તાબડતોડ ઘટના સ્થળે દોડી આવી હતી ભારે જહેમત બાદ મહાકાય અજગરનુ રેસ્કયુ કરાયુ હતું અને અજગરને કુદરતી નિવાસ્થાને છોડવામાં આવ્યો હતો.

(તસ્વીર:- પુનમ પગી, વિરપુર)

જીવનું જોખમ રહેલ હોય તેવી "એટલાન્ટો એક્સીઅલ ડીસલોકેસન" સર્જરી સરળતાપૂર્વક પાર પાડતા સ્પાઇન તબીબો

ડૉ. સ્મૃતિ પટેલ
એમ.બી.બી.એસ.
એમ.ડી. પીડીયાટ્રીક્સ
પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ
(CMC, VELLORE)
Growing Brain
Child Neurology Center
હવેથી પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ આણંદ શહેરમાં ઉપલબ્ધ
દર શનિવારે
શું તમારા બાળક/કિશોર...
- બેસવા, ચાલવા, બોલવા અને સમજવામાં મોડુ છે ?
- વારંવાર, લાંબી, તાવ સાથે /વગર ખેંચ/વાઈની તકલીફ ધરાઈ રહ્યો છે ?
- અસમાન્ય વર્તણૂંક અથવા ચંચળતા ધરાઈ રહ્યો છે ?
- વારંવાર બોલવવા છતા ધ્યાન ન આપવુ અને એક ને એક વાતનું અનુકરણ કરે છે ?
- વારંવાર માથાના દુખાવાની તકલીફમાંથી પસાર થઈ રહ્યું છે ?
- ચાલવામાં અસંતુલન ધરાઈ રહ્યો છે ? ચાલતા - ચાલતા પડી જાય છે ?

જો હા તો આપે તાત્કાલિક પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટનો સંપર્ક કરવો જોઈએ
નીચે દર્શાવેલ રોગોની સારવાર હવે શક્ય છે તમારા શહેરમાં...
વાઈ/ખેંચની તકલીફ, આદાશીશી/માથાનો દુખાવા, સેરીબ્રલ પાલ્સી, જી.બી.એસ (નસોની તકલીફ), ડેવેલેપમેટસ ડીલે, ઓટીઝમ/એ.ડી.એચ.ડી. , લકવો, સ્નાયુની તકલીફ, મગજનો તાવ, મગજની ગાંઠ
ઉપલબ્ધ સેવાઓ
મગજની પટ્ટી, નસ અને સ્નાયુની તપાસ, બહેરાશની તપાસ
સમયઃ શનિવાર (૧૦ થી ૧)
એપાઈન્ટમેન્ટ નંબર
+૯૧૯૭૨૭૮૧૬૪૭૬, +૯૧૨૬૯૨૨૫૫૩૮૩
પરીમલ હેલ્થ કેર, નયાપડકાર પ્રેસની બાજુમાં, સ્ટેશન રોડ, આણંદ, -૩૮૮૦૦૧

SHREE SPONGE STEEL AND CASTING LIMITED
(Formerly known as: Shree Sponge Steel & Forging Ltd.)
CIN : U27100GJ1991PLC016203
Regd. Office: 6/1/1, GIDC, POR-RAMANGAMDI, National Highway No.8, DIST: VADODARA 391243
E-Mail: hrishparikh@shreesponge.com

Notice of 30TH Annual General Meeting

Notice is hereby given that the 30th Annual General Meeting of the Members of Shree Sponge Steel And Casting Limited will be held on Monday, August 30, 2021 at 11.00 A.M. through VC (Video Conferencing) or (OAVM) other Audio Video means ONLY to transact the business, that will be set out in the Notice of AGM in Compliance with the General Circular No. 20/2020 dated May 5, 2020 read with General Circular Nos. 14/2020 dated April 8, 2020, 17/2020 dated April 13, 2020 and 02/2021 dated January 13, 2021 issued by the Ministry of Corporate Affairs and SEBI Circular dated May 12, 2020 & January 15, 2021. The venue of the Meeting shall be deemed to be the Registered Office of the Company. Further the Shareholders/members will be allow to attend the AGM physically at the Registered Office of the Company subject to 50 Members of Capacity which will be allowed on First come First Serve basis.

In compliance with the above circulars electronic copies of Notice of the AGM and Annual Report for the Financial Year 2020-21 will be sent to those Members whose email addresses are registered with the Depository Participants/ Company's Registrar and Share Transfer Agent (RTA) i.e. MCS Share Transfer Agents Limited. Notice of the AGM and Annual Report for the Financial Year 2020-21 will also be made available at website of the Company i.e. www.shreesponge.com and at the Website of RTA.

In compliance with the provisions of Section 108 of the Companies Act, 2013, read with rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as amended by the Companies (Management and Administration) Amendment Rules, 2015, Secretarial Standards-2 issued by the Institute of Company Secretaries of India on General Meetings, Members holding shares in physical and dematerialized Form, as on cut-off date 16th August, 2021 (Monday) may cast their vote electronically on the Business set out in the Notice through e-voting plat Form of CDSL through their portal www.cdslindia.com.The detailed procedures and Instructions for E-voting are contained in Notice of AGM.

In this regard the Members to Note that
(a) The e-voting period commences on Monday, the August 23, 2021 at 9.00 A.M. and ends on Wednesday, the August 25, 2021 at 5.00 P.M.
(b) Cutoff Date for the Purpose of E voting shall be Monday, the August 16th, 2021.
(c) A person who has acquired shares and become a Member of the Company after the dispatch of notice of AGM and holding shares as of cut-off date, may obtain the login ID and password by sending a request at evoting@cdslindia.com. However, if the person is already registered with CDSL for remote e-voting then the existing user ID and password can be used for casting vote.
(d) E voting through Electronic Means will not be allowed beyond 5.00 P.M of August 25, 2021.
(e) Members present at meeting through VC (Video Conferencing) or (OAVM) other Audio Video means and who has not cast their vote on resolutions through e voting, shall be eligible to vote through remote evoting system during AGM. The instruction for Attending AGM through VC/AOVM facilities are provided in the Notice of AGM.
(f) Members who have cast their Votes by remote evoting prior to AGM may also attend/participate in the AGM through VC/OAVM facility but shall not allowed to cast their Votes again.
(g) A person whose name is recorded in the register of the Members or in Register of Beneficial Owners maintained by depositories as on cutoff date only shall be entitle to avail of the facility of remote evoting as well as evoting during the AGM .
(h) In case of any grievances connected with facility for voting by electronic means, please refer to Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evotingindia.com, under help section or write an email to helpdesk.evoting@cdslindia.com.

Members who has not registered their email addresses and Mobile Numbers, are requested to temporarily get themselves Registered with Company email Id. hrishparikh@shreesponge.com to receive copies of Annual Report for FY 2020-21 along with the Notice of AGM containing the detailed procedures and Instructions for remote e voting and for Attending AGM through VC/AOVM facilities.

Joining the A GM through VC/OAVM: The information about login credentials to be used and the steps to be followed for attending the AGM are explained in the Notice of the AGM. Members are requested to carefully read the Notice of the AGM and in particular, instructions for joining the AGM, manner of casting vote through remote e-voting before the AGM or voting during the AGM.

By order of the Board
For **Shree Sponge Steel & Casting Limited**
Sd/-
Vinaykumar Parikh
Chairman & Managing Director
[DIN: 00258864]
Place : Vadodara
Date : July 10, 2021

VINYOFLEX LIMITED
Regd. Office : 307, Silver Chamber, Tagore Road, RAJKOT - 360 002. Ph. 0281-2468328
CIN : L25200GJ1993PLC019830 • Web : www.vinyoflex.com • E-mail : info@vinyoflex.com

STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30th JUNE, 2021

(Rs. in Lakhs)

SR NO.	Particulars	FOR THE QUARTER ENDED			FOR THE YEAR ENDED
		30/06/2021 (Unaudited)	31/03/2021 (Audited)	30/06/2020 (Unaudited)	31/03/2021 (Audited)
1	Total Income from operations	545.13	1281.56	218.92	3473.73
2.	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	4.44	31.41	-1.42	222.03
3.	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	4.44	31.41	-1.42	222.03
4.	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	4.44	31.41	-1.42	222.03
5.	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	3.44	21.00	-1.42	164.61
6.	Paid up equity share capital (Equity Shares of Rs. 10.00 per share)	431.90	431.90	431.90	431.90
7.	Reserve (excluding Revaluation Reserves) as shown in the Audited Balance Sheet of Previous accounting year	-	-	-	1672.38
8.	Earnings per share (EPS) (for continuing and discontinued operations)				
	(a) Basic	0.08	0.49	-0.03	3.81
	(b) Diluted	0.08	0.49	-0.03	3.81

Notes :
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results to be filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The Full Format of the Quarterly Financial Result are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company's website (www.vinyoflex.com)
2. The above Financial Results have been reviwed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 28 / 07 /2021.
3 The company's is activity falls within a single segment that is i.e. PVC Film therefore segment reporting in terms of Accounting Standard 17 not applicable.
4. Previous Quarterly / Yearly figures have been regrouped / reclassified wherever necessary.

For, and on behalf Board of Directors of
VINYOFLEX LIMITED
Vinod K. Tilva
(Managing Director)
(DIN - 00275279)
Place: RAJKOT
Date: 28-07-2021

ડીમાન્ડ નોટીસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકસ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ (આ કાયદો) સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ (આ નિયમો) ૩(૧) સાથે વાંચવામાં આવ્યો છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલ સત્તાઓના ઉપયોગમાં આ નિયમોના નિયમ ૩ ની સાથે વાંચતા, આઈઆઈએફએલ ગ્રુહ ફાઈનાન્સ લિમિટેડ (IIFL HFL) (અગાઉ ઈન્ડિયા ઈન્ફોલાઈન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)ના અધિકૃત અધિકારીએ જારી કર્યા છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ (૨) હેઠળ માંગણી નોટિસ, ઉધાર લેનારા (ઓ) ને, તેઓને સંબંધિત ડિમાન્ડ નોટિસ (ઓ)માં જણાવેલ રકમ પરત કરવા માટે હાકલ કરે છે. ઉપરના સંબંધમાં, ફરીથી આ સૂચના પ્રકાશિત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર લેણદાર(ઓ)ને ચૂકવણી કરવા માટે સૂચના આપવામાં આવે છે, ના વધુ વ્યાજ સાથે, નીચે જણાવેલ રકમ, ઓ માંગણી સૂચના ચુકવણીની તારીખ સુધી લેણદાર (ઓ) ની વિગત, તારીખ મુજબની રકમ માંગની સૂચના અને લોનની રકમની ચુકવણી માટે આપવામાં આવતી સુરક્ષા નીચે મુજબ છે: -

દેવાદારો/ જામીનદારોના નામો	ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ (સ્થાઇ મિલ્કત)નું વર્ણન
શ્રી. સાહીલ સાકીરભાઇ હુન્નાણી, શ્રી. શાકીરભાઇ ઇદ્રાહીમભાઇ હુન્નાણી, શ્રીમતી. યાસ્મીનબેન શાકીરભાઇ હુન્નાણી (Prospect No.889190 & 918701)	23-July-2021 Prospect No.889190 Rs.10,61,775/- (રૂપિયા દસ લાખ એકસઠ હજાર સાતસો પંચોતેર ફક્ત) Prospect No.918701 Rs.91,587/- (રૂપિયા એકક્યું હજાર પાંચસો સીત્યાસી ફક્ત)	પ્લોટ નં.૪, પૈકી આશરે ૮૨૨ સ્કે.ફૂટ, રે.સ.નં.૪૭૯/બી પૈકી સીટી, સર્વે વોર્ડ નં.૧, સીટી સર્વે નંબર ૪૧૬૭/બી લક્ષ્મીપરા પાણ્ડા, હરસીધ્ધી પાર્ક, રોશી નં.૨, સુરેન્દ્રનગર, પીનકોડ-૩૬૩૦૦૧, ગુજરાત, ભારત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત
શ્રી. બીપીનભાઇ વલ્લભભાઇ વારીયા, શ્રીમતી. ભગવતીબેન બીપીનભાઇ વારીયા, મેજુક મેષ્સ (Prospect No.740157&942977)	23-July-2021 Prospect No.740157 Rs.14,08,370/- (રૂપિયા ચૌદ લાખ આઠ હજાર ત્રણસો સીત્તેર ફક્ત) Prospect No.942977 Rs.1,45,437/- (રૂપિયા એક લાખ પીસ્તાલીસ હજાર ચારસો સાડત્રીસ ફક્ત)	ફ્લેટ નં.૪૦૪, બિલ્ડીંગ એ, ચોથો માળ, આશરે માપ ૩૪.૮૭ સ્કે.મી. યશ ફ્લેક્સ, રેવેન્યુ સર્વે નં.૧, પૈકી ૨, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૪૯, ફાઇનલ પ્લોટ નં.૧૦/એ, પૈકી પદ્મીમ સાઇડ પ્લોટ, ધનમોરા કોમ્પ્લેક્સની પાસે, ધનમોરા કોસ રોડ, કતારગામ, સુરત, ૩૯૫૦૦૪, ગુજરાત, ભારત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત

જો આ દેવાદાર ઉપરોક્ત IIFL, HFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો IIFL, HFL આ એક્ટની કલમ ૧૩(૪) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે કાર્